**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૫/૧૦/૨૦૧૭ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૮૧/૧૭**

**દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમની ગાડી દારૂના મોટા જથ્થા સાથે પકડતી રાણીપ પોલીસ**

પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સેક્ટર ૧ સા. તથા ઝોન-૨ સા તથા મ.પો.કમિ.એલ ડિવિઝન સા. નાઓની સુચના હોઇ કે અમદાવાદ શહેર મા દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ ચાલતી હોઇ જેને નેસ્ત નાબુદ કરી આ પ્રકારની પ્રવૃતિ કરનારા ઇસમો વિરૂધ્ધ અસરકારક પગલા લઇ જરૂરી કાર્યવાહી કરવી તેમજ આગામી વિધાનસભા ચુંટણી આવતી હોઇ જેથી કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ દરેક પો ઇન્સ શ્રી પોતપોતાના વિસ્તારમા અસામાજીક પ્રવૃતિ અટકાવી અસરકારક પગલા લેવા જે આધારે અમો પો ઇન્સ વી. બી. પટેલ તથા સેકન્ડ પો.ઇન્સ એન.એમ.પટેલ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે રાણીપ ઘનશ્યામનગર એપાર્ટમેન્ટ આગળ જાહેર રોડ પર અમદાવાદ ખાતે આરોપી એસેન્ટ કારનં GJ-01-RU-8085 ના ચાલક જેના નામ સરનામાની ખબર નથી તે પોતાની ગાડીમાં (૧) પરપ્રાંન્ત ની ઇગ્લીશ દારૂ રોયલ સ્ટેગ વ્હીસ્કી ભરેલા બોક્સ નંગ ૧૯ કિં રૂપિયા ૧,૧૪,૦૦૦/- (૨) રોયલ ચેલેન્જ ગોલ્ડ વ્હીસ્કી નંગ ૮૩ બોટલો કિં રૂપિયા ૫૮,૧૦૦/- જે તમામ બોટલો કુલ્લે કિં રૂપિયા ૧,૭૨,૧૦૦/- (૩) એસેન્ટ કાર ૨,૫૦,૦૦૦/- મળી કુલ્લે કિં રૂપિયા ૪,૨૨,૧૦૦/- નો મુદામાલ તપાસ અર્થે કબજે કરી ભાગી જનાર આરોપી વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરેલ છે. કાર્યવાહી હાલમા ચાલુ છે તા ૧૪/૧૦/૨૦૧૭

---

મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા મહે. સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પો.કમિશ્નર ઝોન-૪ સાહેબ શ્રી તથા મદદનીશ પો.કમિ. શ્રી "જી" ડિવી ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.આર.ચૌધરી નાઓની સુચાના આધારે વ્હીકલ સ્કોર્ડના માણસોએ બાતમી હકીક્ત આધારે આજરોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ રનં ૨૭૩/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામે આરોપી (૧) સુનીલભાઇ ઇશ્વરભાઇ જાતે વાદી,ઉવ ૨૩,રહે ગામ રામોસણા,ઇન્દીરાનગર,પ્રાથમીક શાળા પાસે.મહેસાણા તથા (૨)શૈલેષ બાબુભાઇ ઠાકોર,ઉવ ૨૫,રહે રઘુની ચાલી,ધામીના કારખાના સામે,ઠક્કરનગર,અવાદ મુળગામ રામોસણા ઇન્દીરાનગર,વીરમહારાજના મંદીર સામે મહેસાણા, તાજી મહેસાણા નાઓને પકડી ચોરીએ ગયેલ રીક્ષા જીજે ૦૧ ટી.એ ૭૦૯૬ કિરૂ ૧,૦૦,૦૦૦/ નો મુદામાલ રીકવર કરી,ગુન્હો ડીટેક્ટ કરી આજ તા ૧૪/૧૦/૨૦૧૭ ના કલાક ૨૨/૦૦ વાગે ઉપરોકત ગુનામા અટક કરી જે બાબતે કાયદેસર ની કાર્યવાહી કરવામા આવેલ છે.

---

## જુગારનો ગણનાપાત્ર કેશ

આજરોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા નાઓની સુચનાથી મસઇ યોગેન્દ્રસિંહ વિસલસિંહ બનં-૭૧૪૭ તથા પોકો. દિપકકુમાર બાબુભાઇ બનં-૯૫૪૭ તથા પોકો. મહેશકુમાર ગાભાભાઇ બનં-૮૭૭૭ તથા એસઆરપી પોકો. ફારુખભાઇ યુસુફભાઇ બનં-૨૫૨ તથા હેકો. જીવણભાઇ મેઘજીભાઇ બનં-૭૫૫૦ નાઓ સાથે સરદારનગર પીસીઆર વાન નં-૪૬ માં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮/૪૫ વાગે નોબલનગર વાલ્મિકી આવાસના નાકે આવતા ખાનગી બાતમી હકીકત મળેલ કે નોબલનગર તિવારી સ્કુલની સામે ભવાની માર્બલ નામની દુકાનની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક ઇસમો બોલાવી પોતાના અંગત ફાયદા સારુ હાર જીતનો પૈસા પાનાથી જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે રેડ કરતા કેટલાક માણસો જુગાર રમતા હતા જેઓના નામ ઠામ પુછતા લક્ષ્મીનારાયણ સ/ઓ શિયારામ માહોર ઉવ.૨૧ રહે, કેવડાજીની ચાલી ભીખભાઇ રબારીના મકાનમાં ઠક્કરબાપાનગર અ'વાદ શહેર+૭=૮ નાઓ પકડાઇ જતા તેઓની અંગઝડતી તથા દાવના નાણા મળી કુલ્લે રૂ.૧૫૨૧૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/- ની મત્તા સાથે પકડાઇ જતા કાયદેસરની જુગાર ધારા કલમ ૧૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

---

દાણીલીમડા તથા વટવા પોલીસ સ્ટેશનમાં મંદિર ચોરી તથા વાહન ચોરી કરવાની ટેવવાળા ઇસમો વિરુધ્ધ અત્રેના પો.સ્ટે ખાતે (૧) દાણીલીમડા પો.સ્ટે ફ ગુરનં- ૫૪/૧૭ ઈપીકો કલમ-૩૭૯,૧૧૪ મુજબ તથા (૨) વટવા પો.સ્ટે.ફ ગુ,ર.નં.૩૨૩/૧૭ ઈપીકો કલમ-૩૮૦,૧૧૪ મુજબ તથા (૩) દાણીલીમડા પો.સ્ટે ફ ગુરનં- ૧૩૦/૧૭ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ જે ગુનાઓમાં પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા હુકમ નંબર(૧) પીસીબી/ડીટીએન/પાસા/૬૬૮/૨૦૧૭ તા.૬/૧૦/૨૦૧૭ પાસા હુકમ કરતા પાસા અટકાયતી ઇમ્તીયાઝ બાજીદખાન જાતે-મલેક ઉવ.૨૨ રહે- મનં-૬૮/૨૧૪૯ શ્યામા પ્રસાદ મુખર્જી નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાને તા.૧૪/૧૦/૧૭ ના કલાક ૧૬/૦૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી તેમજ આરોપી નં—૨ નાને પીસીબી/ડીટીએન/પાસા/૬૬૯/૨૦૧૭ તા.૬/૧૦/૨૦૧૭ થી હુકમ કરતા પાસા અટકાયતી સલમાન સલીમખાન જાતે-પઠાણ ઉવ.૨૨ રહે- મનં-૭૫/૨૩૭૪ શ્યામા પ્રસાદ મુખર્જી નગર ચાર માળીયા વટવા અમદાવાદ નાને તા.૧૪/૧૦/૧૭ ના કલાક ૧૬/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી આરોપી નં-૧ નાને ભુજ જેલ તથા આરોપી નં-૨ નાને જામનગર જેલ ખાતે જરુરી જાપ્તાના માણસો સાથે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.